# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

પો.બો.નં.–૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

## રાજય સરકારશ્રી ધ્વારા કોલેજના જોડાણ માટેની માર્ગદર્શિકા તથા જોડાણ માટેના જરૂરી દસ્તાવેજોનું લીસ્ટ

૧. પોતાનું સ્વતંત્ર મકાન ન ધરાવનાર કોલેજે પાંચ વર્ષમાં પોતાનું મકાન બનાવી દેવાનું રહેશે. આ માટે સંચાલક મંડળે યુનિવર્સિટીમાં રૂપિયા બાર લાખની ડીપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે મૂકવાના રહેશે.

૨. કોલેજના કર્મચારીઓના પગાર–ભથ્થા માટે અનામત ફંડ તરીકે યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે રૂપિયા બે લાખ ડિપોઝીટ તરીકે મૂકવાના રહેશે.

૩. ઉપર્યુકત ડીપોઝીટ પૈકી જે તે હેતુ કે શરતનું સંસ્થા ધ્વારા નિયત સમય મર્યાદામાં પરિપાલન કરવામાં નહીં આવે તો જે તે હેતુસરની ડીપોઝીટ યુનિવર્સિટી ધ્વારા જપ્ત કરવામાં આવશે.

૪. જે તે અભ્યાસક્રમ માટેનું રાજય સરકારશ્રીનું **‘ના વાંધા પ્રમાણપત્ર’** કે ‘સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી’ મેળવવાની જવાબારી સંચાલક મંડળની રહેશે.

૫. રાજય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી વિના સંસ્થા વિદ્યાર્થી પ્રવેશ આપી શકશે નહી અને છતાં પ્રવેશ આપવામાં આવશે તો તે ગેરકાયદેસર પ્રવેશ ગણાશે અને તે માટેની સઘળી જવાબદારી સંસ્થાની રહેશે.

૬. મંડળે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂા.૬,૦૦,૦૦૦/–ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં ડીપોઝીટ મૂકવાની રહેશે. જે પાકતી મુદતે વ્યાજ સહિત રીન્યુ કરાવવાની રહેશે.

૭. સંસ્થાએ પોતાની આર્થિક સધ્ધરતા માટે રૂા.૨૫,૦૦,૦૦૦/–ની રકમ રોકડમાં બેંક બેલેન્સ કે ડીપોઝીટ રૂપે તથા રૂા. ૨૫,૦૦,૦૦૦/–ની સ્થાયી/અસ્કયામતો ટ્રસ્ટના નામે હોવાના આધારો યુનિવર્સિટીને રજૂ કરવા.

૮. શરત નં.૭ અન્વયે મિલકતો ઋણ મુકત હોવા બાબતનું માન. ચેરીટી કમિશ્નરશ્રીનું પ્રમાણપ્રત્ર યુનિવર્સિટીમાં રજૂ કરવું.

૯. કોલેજ શરૂ કરતાં પહેલાં મંડળ પાસે રૂા.૫,૦૦,૦૦૦/–નું વર્કીગ ફંડ હોવા અંગેના આધારો યુનિવર્સિટીમાં રજૂ કરવા.

૧૦. ટ્રસ્ટ નોંધણીનો દાખલો તથા ટ્રસ્ટ ડીડ (જેમાં શિક્ષણનો હેતુ સ્પષ્ટ હોવો જોઈએ.)

૧૧. ટ્રસ્ટ મંડળના હોદ્દેદારોની વિગત.

૧૨. ટ્રસ્ટની માલિકીપણાના જમીનના દસ્તાવેજી પુરાવાની નકલ (ટ્રસ્ટીની માલિકીપણાની નહીં.)

૧૩. જે વિદ્યાશાખામાં જે અભ્યાસક્રમ શરૂ કરવાનો હોય તે સબબનો સ્પષ્ટ ઠરાવની નકલ.

૧૪. જમીનનું શૈક્ષણિક હેતુ માટે ઉપયોગની નકલ (N.A.)

૧૫. બિલ્ડીંગના સક્ષમ અધિકારીની સહીવાળા નકશાની પ્રમાણિત નકલ (રજાચીઠ્ઠી વિગેરે સાથે)

૧૬. કોલેજ બિલ્ડીંગના રૂમોની ક્ષેત્રફળની સંપૂર્ણ વિગત.

૧૭. લેબોરેટરીઝ/કોમ્પ્યુટર લેબોરેટરીઝના સાધનોની વિગત.

૧૮. લાયબ્રેરીના સાધનોની તથા પુસ્તકોની વિગત.

૧૯. ટ્રસ્ટના છેલ્લા ત્રણવર્ષના ઓડીટ રીપોર્ટની નકલો તથા ટ્રસ્ટના પાનકાર્ડની નકલ.

૨૦. ટ્રસ્ટ સંચાલિત અન્ય શૈક્ષણિક સંસ્થાઓ ચાલતી હોય તો તેની વિગતો.

૨૧. અન્ય યુનિવર્સિટી સાથે ટ્રસ્ટ સંકળાયેલ છે કે કેમ ? અને જો હા તો તેવા અભ્યાસક્રમ અને યુનિવર્સિટીની વિગતો તથા તે અંગેનું (NOC)

૨૨. બી.એડ. કોલેજ શરૂ કરવા માટે NCTEની મંજૂરીનો પત્ર તથા રાજય સરકારશ્રીનું 'ના–વાંધા પ્રમાણપત્ર' રજૂ કરવુ.

૨૩. એન્જીનીયરીંગ/ફાર્મસી કોલેજ શરૂ કરવા માટે AICTE/PCI ની મંજૂરી પત્ર તથા રાજય સરકારશ્રીનું **'ના–વાંધા પ્રમાણપત્ર'** રજૂ કરવુ.

૨૪. નર્સિંગ કોલેજ શરૂ કરવા માટે 'નર્સિંગ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા'ની મંજૂરી પત્ર તથા રાજય સરકારશ્રીનું **'ના–વાંધા પ્રમાણપત્ર'** રજૂ કરવુ.

૨૫. ડેન્ટલ તથા મેડીકલ કોલેજ શરૂ કરવા માટે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની મંજૂરી પત્ર તથા રાજય સરકારશ્રીનું **'ના–વાંધા પ્રમાણપત્ર'** રજૂ કરવુ.

૨૬. હોમીયોપેથીક કોલેજ શરૂ કરવા માટે 'હોમીયોપેથીક કાઉન્સીલ ઓફ ઈન્ડીયા'ની મંજૂરી પત્ર તથા રાજય સરકારશ્રીનું **'ના–વાંધા પ્રમાણપત્ર'** રજૂ કરવુ.

૨૭. જોડાણ ફી ઓર્ડિનાન્સ–૮૭ (બી) મુજબ લેવામાં આવશે.

૨૮. ફિઝીયોથેરાપી કોલજ શરૂ કરવા માટે ધી ઈન્ડીયન એસોસીએશન ઓફ ફિઝીયોથેરાપી કાઉન્સિલનો મંજૂરી પત્ર તથા રાજય સરકારશ્રીના આરોગ્ય અને તબીબી વિભાગ, ગાંધીનગરનું ઈસેન્સીયાલીટી સર્ટિફીકેટ રજૂ કરવું.

૨૯. કાયદા વિદ્યાશાખાની કોલજ શરૂ કરવા માટે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયા, નવી દિલ્હીનો મંજૂરી પત્ર રજૂ કરવાનો રહેશે તેમજ શિક્ષણ વિભાગ, ગાંધીનગરનું એન.ઓ.સી. સર્ટિફીકેટ રજૂ કરવાનું રહેશે.

૩૦. વિદ્યાશાખાની કોલેજોએ જે તે વિદ્યાશાખાને લગતી કાઉન્સિલ મુજબની શરતોનું પરિપાલન કરવાનું રહેશે.

૩૧. વર્ગખંડમાં વેબ કેમેરાના વ્યવસ્થા કરેલી હોવી જોઈએ.

૩૨. એ.આઈ.એસ.એચ.ઈ (A.I.S.H.E.) પર કોલેજની માહિતી અપલોડ કરવાની રહેશે.